આત્મધર્મ
માસિક : વર્ષ-૯ * અંક-૭ * માર્ચ, ૨૦૧૫






રાજકોટ મુકામે સદરના ઉપાશ્રયે સમ્યક્દર્શન પ્રાપ્તિની આનંદકારક વાત
પરમોપકારી પૂજ્ય ગુરુદેવને જણાવતા બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

∗ જેમ કોઈ નટ બળદનો સ્વાંગ લાવ્યો હોય અને પોતાનું સ્વરૂપ ભૂલી તે પૂછવા લાગે કે—'હું નરનો પર્યાય ક્યારે પામીશ?' તે જૂઠ જ પૂછે છે. પોતે નર જ છે, ભૂલથી એ રીતી (ભ્રમણા) થઈ છે. તેમ ચિદાનંદ પોતે ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે, પોતાથી પોતાની ભૂલ મટે. સદા ઉપયોગ ધારક આનંદરૂપ આપ પોતે જ બન્યો છે. યત્ન (પુરુષાર્થ) વિના નિજનિહાળનું (પોતાના સ્વરૂપનું નિહાળવું) કાર્ય થતું નથી. નિજશ્રદ્ધા આવતાં નિજ અવલોકન થાય છે. ૧૪૬૮.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ-૮)

∗ (નવ રસોના પારમાર્થિક સ્થાન :—) આત્માને જ્ઞાનગુણથી વિભૂષિત કરવાનો વિચાર તે શ્રૃંગારરસ છે, કર્મ-નિર્જરાનો ઉદ્યમ તે વીરરસ છે, પોતાના જ જેવા સર્વ જીવોને સમજવા તે કરુણા રસ છે, મનમાં આત્મ-અનુભવનો ઉત્સાહ તે હાસ્યરસ છે, આઠ કર્મોનો નાશ કરવો તે રૌદ્ર રસ છે, શરીરની અશુચિનો વિચાર કરવો તે બીભત્સરસ છે, જન્મ-મરણ આદિનું દુઃખ ચિંતવવું તે ભયાનકરસ છે, આત્માની અનંત શક્તિનું ચિંતવન કરવું તે અદ્‌ભુતરસ છે, દૃઢ વૈરાગ્ય ધારણ કરવો તે શાંતરસ છે. જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ રીતે નવ રસનો વિલાસ પ્રકાશિત થાય છે. ૧૪૬૯

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિદ્વાર, પદ-૧૩૫)

∗ જો કોઈ કિસી મનુષ્યકો મર જાને કે બદલે મેં નગર, પર્વત તથા સુવર્ણ રત્ન ધન ધાન્યાદિકસે ભરી હુઈ સમુદ્ર પર્યંતકી પૃથ્વીકા દાન કરે તો ભી અપને જીવનકો ત્યાગ કરનેમેં ઉસકી ઈચ્છા નહિ હોગી. ભાવાર્થ---મનુષ્યોંકો જીવન ઈતના પ્યારા હૈ કિ મરનેકે લિયે જો કોઈ સમસ્ત પૃથ્વીકા દાન દે તો ભી મરના નહિ ચાહતા. ઈસ કારણ એક જીવકો બચાનેમેં જો પુણ્ય હોતા હૈ વહ સમસ્ત પૃથ્વીકે દાનસે ભી અધિક હોતા હૈ. ૧૪૭૦.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૫)

∗ આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઈન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી. કારણ કે સ્વ-પરપ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે. ૧૪૭૧.

(શ્રી પ્રવચનસાર, ગાથા-૧૯નો ભાવાર્થ)

વર્ષ–૯
અંક–૭

વિ. સંવત
૨૦૭૧

MARCH
A.D. 2015




**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પ્રશમરસસાગરમાંથી વીણેલા**

## સમ્યક્ત્વ–પથપ્રદર્શક વચનો

∗ મહાકિમતી મનુષ્યજીવનમાં કાંઈક પણ સાર્થકતા થાય તો પણ સારું છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ આત્મલાભ મેળવી શકાય છે.

∗ સંસાર અસાર છે. સારભૂત આત્મપદાર્થ છે. સદ્ગુરુ અને સત્સંગના સાધનો આદરણીય છે.

∗ પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદન પરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપ સ્થિરતા તે સમાધિરૂપ છે.

∗ અહા ! સત્ય છે તે અડોલ પરિણતિ કે જ્યાં પરની અસર સૂક્ષ્મ પણ સર્વ પ્રકારે સહજ છૂટી એટલે સાક્ષીસ્વભાવ, વીતરાગ સ્વભાવ, અચિંત્ય તે અદ્ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને, તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે. કોઈ અદ્ભુતતામાં ખેલી રહ્યું છે.

∗ અનંતકાળ થયા પણ જીવ સુખ-સુખ ઝંખ્યા કરે છે. સુખની પાછળ મૂર્ખ ફરે છે તે સુખનું સાચું સ્વરૂપ સત્પુરુષમાં જ જાગે છે. જીવ જડમાંથી સુખ આવે છે એમ ઉંધું માની બેઠો છે, ભ્રાંતિમાં પડ્યો છે, પરંતુ તે સુખગુણ કે આનંદગુણ પોતાનો છે, પોતામાંથી પ્રાપ્ત થવાનો છે. અનંત આનંદમય કે સુખમય પોતે જ છે.

∗ આત્માનુભવ જેવી વસ્તુ તો છે, પણ તેની કિંમત જેને સંસાર ખારો લાગે તેને થાય, સંસારમાં જેને ક્યાંય સુખ ન લાગે તેને થાય. હજુ આપણે તો સંસારને વહાલો કરીને બેઠા છીએ અને આત્મિક સુખ જોઈએ છે તે ક્યાંથી મળે? સંસાર સાચો છે ખોટો તેનો નિર્ણય કરીએ અને અન્તર્ગતથી એમ લાગે કે સંસારમાં એકાંત દુઃખ જ છે તો પછી સુખની શોધમાં જવાની તાલાવેલી જાગે.

* પહેલા આપણે વિચાર કરવો જોઈએ કે સંસારમાં સુખ છે કે દુઃખ? સંસારમાં જેને સુખ લાગે તેને આત્મિક સુખ ઘણું દૂર છે. જેને સંસાર હળાહળ ઝેર જેવો લાગે તેને આત્માનુભવ નજીક છે.

* આત્મજ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે, અનુપમ છે. તે આત્મા દેહાતીત, વચનાતીત, વિકલ્પાતીત, નિર્વિકલ્પસ્વરૂપ છે તે આત્મા દેહથી, વચનથી, વિકલ્પોથી પેલે પાર બિરાજે છે, ત્યાં અંતરમાં ઊંડો જાય તો પ્રગટ થાય છે.

* સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં કાર્યો હોય તો પણ અંદરના કાર્યો અંદર જ્ઞાતાની ધારા ચાલુ જ છે જાણે લાગે કે આ વિભાવની પરિણતિ થઈ રહી છે તેનાથી છૂટી પરિણતિ ક્ષણે ક્ષણે ચાલ્યા જ કરે છે. કાંઈ અશરણ નથી જેણે આત્માનું શરણ લીધું છે તેને તો આત્મામાં જ સુખ-શાંતિ સ્વાનુભૂતિનું કાર્ય ચાલે છે. આત્માની નિસંગતા વિશેષ પ્રગટ થાય તેવી વિશેષ પુરુષાર્થની દોરી ચાલ્યા જ કરે છે.

* સ્વાનુભૂતિના કાળે ભેદનું લક્ષ છૂટીને આત્માના દરેક પ્રદેશે આનંદ પ્રગટે છે તે આનંદ સિદ્ધ ભગવાનને પૂર્ણ પ્રગટ થયો છે. સમ્યગ્દષ્ટિને થોડો વેદાય છે પણ જાત સિદ્ધ ભગવાન જેવી જ છે.

* સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી, ભેદજ્ઞાનની ધારા એમને એમ ટકાવી, હું એક ચૈતન્ય છું વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે. એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા કે જે કાયમ ટકનારો છે તેને ગ્રહણ કરવો.

* શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ કરી નૌકામાં બેસી ગયો તે તરી ગયો.

* સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ રાગાદિ કચરો કાઢતા ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે, પરંતુ બંને વહેલા મોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.

* ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે, છ ખંડ સાધવા જાય, તેમ આ ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, હવે તો અપ્રમત્તભાવે કેવળજ્ઞાન જ લે.

* સમ્યગ્દષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે, દૃષ્ટિ તો અંદર છે, ચારિત્રમાં અપૂર્ણતા છે, તે બહાર ઊભેલા દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે.

* સમ્યગ્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધા જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે. અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.

* સમ્યક્દષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધુ નિઃસાર, ફોતરા સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે બહાર ઊભા છે.

* જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્ય સામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે.

* સમ્યક્દષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.


* સમ્યગ્દષ્ટિમાં જ્ઞાનની ગંભીરતા છે. એક એક ગુણ ગણી ગણીને જુદો પાડીને તે જોઈ શકતો નથી, પરંતુ તેની મહિમા આવી જાય છે. એક-એક ગુણ જુદો-જુદો કેવળજ્ઞાની જાણે છે, અનુભૂતિની અંદર બધી ગંભીરતા તેને આવી જાય છે.

* સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે આગળ જતાં સમ્યગ્દર્શન કોનો આશ્રય લે છે તે જ્યાં તેને ખ્યાલમાં આવે છે ત્યાં સાથે પૂર્ણતા અને અંશનું સ્વરૂપ બધું જ્ઞાનમાં આવ્યા વગર રહેતું નથી.

* સમ્યગ્દર્શન થાય એટલે અવશ્ય તેને ચારિત્ર, વીતરાગદશા બધુ આવવાનું જ છે. સમ્યગ્દર્શને કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે, કેવળજ્ઞાન સાથે રમત ચાલુ કરી છે, તેમ શાસ્ત્રોમાં આવે છે.

* સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાન પરિણતિ દ્રવ્ય તેમજ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વપ્રત્યેનું—દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો પ્રભાવના ઉદય તો તેમના પાવનકારી આત્માનુભવ અને આત્મસાધનાથી જ શરૂ થઈ ચૂક્યો હતો. પરંતુ તેઓશ્રીના મંગલ પ્રભાવના ઉદયે સુવર્ણપુરીમાં પ્રથમ સીમંધરસ્વામી જિનમંદિરની રચના થઈ અને તેની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ તે સમયે સુવર્ણપુરીમાં મંગલ નિમંત્રણ પત્રિકા લખવાની શરૂઆત થઈ. આ પ્રથમ પત્રિકા આ મંદિરના પ્રતિષ્ઠાના ૭૫મા વર્ષના હીરકજયંતી મહોત્સવ પ્રસંગે પ્રસિદ્ધ કરવામાં આવે છે.



पंचकल्याणपुरस्सरश्रीसीमन्धरजिनबिंबप्रतिष्ठामहोत्सव ।

નિમંત્રણ કુંકુમ પત્રિકા શ્રી સોનગઢ

मंगलाचरण ।

ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥

स्तुति
भुजंगप्रयातछन्द

सुसीमा धृता येन सीमंधरेण भवारण्यभीमभ्रमीया सुकृत्यैः ।
प्रबंधः सदा तीर्थकृद्देवदेवः प्रदेयात्स मेऽनन्तकल्याणबीजम् ॥ १ ॥

अनुष्टुप्

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधर्मोऽस्तु मंगलम् ॥ १ ॥
अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥ २ ॥

શ્રીમદર્હત્તીર્થેશ્વરપાદારવિંદમત્તમધુકરાયમાણસમસ્તદિગ્દેશસ્થ ઋષ્યાર્યિકા શ્રાવક–શ્રાવિકા ચતુઃસંઘસેવક

શ્રીમાન ..........

સવિનય વિનતિ કે (શ્રી શત્રુંજય તીર્થ નજદીક) શ્રી સોનગઢ ગામમાં શ્રી પ્રતિષ્ઠિત વેદીસહ નૂતન સુંદર જૈન ચૈત્યાલયમાં **શ્રી સીમન્ધર જિનેશ્વરનો પ્રતિષ્ઠામહોત્સવ**, શ્રીમદ્ પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી ૧૦૮ **શ્રી કાનજી સ્વામીની** કલ્યાણવર્ધક પવિત્ર છાયામાં વીર સંવત ૨૪૬૭ વિ. સં. ૧૯૯૭ ફાલ્ગુન સુદ ૨ શુક્રવાર તા. ૨૮–૨–૧૯૪૧ ના શુભ દિને નિર્ધાર્યો છે.

## —: માંગલિક પ્રસંગનો કાર્યક્રમ :—

**માહ વદ ૧૧ શુક્ર તા.** ૨૧–૨–૪૧—ગણધરવલયપૂજન વીગેરે.

**માહ વદ ૧૨ શનિ તા.** ૨૨–૨–૪૧—ઇન્દ્રપ્રતિષ્ઠા, નાંદિમંગલ, મૃતિકાસંગ્રહ, અંકુરારોપણ, બીજાવાપ, ચત્વરશોધન ઇત્યાદિ.

**માહ વદ ૧૩ રવિ તા.** ૨૩–૨–૪૧—નિત્યવિધિ, લઘુશાન્તિક-આરાધના, વાસ્તુપૂજા, ભેરીતાડન ઇત્યાદિ.

**માહ વદ ૧૪ સોમ તા.** ૨૪–૨–૪૧—નિત્યવિધિ, લઘુશાન્તિ-આરાધના, મહાયાગમંડલારાધના, જલયાત્રા મહોત્સવ, **વિમાનશુદ્ધિ**, ગર્ભાવતરણ-કલ્યાણિક, ચતુર્દિક્ષુહોમવિધાન ઇત્યાદિ.

**માહ વદ ))) મંગળ તા.** ૨૫–૨–૪૧—નિત્યવિધિ, જન્મકલ્યાણિક, નામકરણ, બાલલીલા, યુવરાજ સ્થાપન ઇત્યાદિ.

**ફાલ્ગુન સુદ ૧ બુધ તા.** ૨૬–૨–૪૧—નિત્યવિધિ, લઘુશાન્તિ, રાજ્યાભિષેક, દીક્ષાકલ્યાણિક ઇત્યાદિ.

**ફાલ્ગુન સુદ ૨ ગુરુ તા.** ૨૭–૨–૪૧—નિત્યવિધિ, લઘુશાન્તિ, કેવલકલ્યાણિક; શ્રીવિહાર ઇત્યાદિ. ધ્વજારોપણ **તથા કલશારોપણ.**

**ફાલ્ગુન સુદ ૨ શુક્ર તા.** ૨૮–૨–૪૧—નિત્યવિધિ, લઘુશાન્તિ, નિર્વાણકલ્યાણિક, વૃષભ લગ્ન, ઉતરાભાદ્રપદ **નક્ષત્રમાં જિનમુદ્રા** પ્રતિષ્ઠા સવારે (સ્ટા-ટા.) ૧૦–૩૦ કલાકે થશે. અવભૃથસ્નાન, **સુંગધસલિલોત્સવ**, અંકુરવિસર્જન, સંઘપૂજા.

આ પ્રકારે પ્રતિષ્ઠામહોત્સવનો કાર્યક્રમ નિશ્ચય કર્યો છે. પ્રતિષ્ઠિત થનારી જિનમુદ્રા ભવ્ય અને અતિ ભાવવાહિની છે. તેના દર્શન-પૂજનાર્થે પધારશો.

આ સમયે વિદ્વાન, ધર્માત્મા, સજ્જન મહોદય, આત્માર્થી સત્પુરુષ પરમકૃપાળુ પૂજ્ય **શ્રી કાનજી સ્વામીના** દર્શન-વાણીનો અમૂલ્ય લાભ મળશે તથા જ્ઞાનચર્ચા પણ થશે. આવી રીતે ધર્મ-પ્રભાવના થશે; માટે આ મહાન પવિત્ર ધાર્મિક કાર્યમાં સહકુટુંબ, મિત્રમંડળ સહિત પધારી પારમાર્થિક સુખાર્થે કારણભૂત સાતિશય પુણ્ય ઉપાર્જન કરશો. આવો સુઅવસર પ્રાપ્ત થવો દુર્લભ છે; માટે જરૂર પધારવા કૃપા કરશોજી.

આપના ધર્માનુરાગી નમ્ર સેવક

**વિજ્ઞેષુ કિમાધિકમ્ ॥**

શ્રી ખુશાલ જૈન અતિથિ ગૃહ
સોનગઢ (કાઠિયાવાડ)
બી. એસ. રેલ્વે.
વિ. સં. ૧૯૯૭ માહ સુદ ૧૩

**ઝવેરી નાનાલાલ કાલિદાસ. ઝવેરી બેચરલાલ કાલિદાસ.**
**ઝવેરી મોહનલાલ કાલિદાસના જયજીનેન્દ્ર.**
દોશી રામજી માણેકચંદ–પ્રમુખ–શ્રી જૈન અતિથિ સેવા સમિતિ.

**સૂચના:**—(૧) સૌએ પોતાને અનુકૂળ બીસ્તરા વગેરે સામગ્રી સાથે લાવવી. (૨) સોનગઢ સ્ટેશન કાઠિયાવાડમાં બી. એસ. રેલ્વેનું સ્ટેશન છે. (૩) જે ભાઇઓ તથા બહેનોને સ્વયંસેવક થઇ સેવા કરવાની ઇચ્છા હોય તેમણે તરત પત્ર વ્યવહાર કરવો અને તેમણે માહ વદ ૭ તા. ૧૮–૨–૪૧ મંગળવારે હાજર થવા તસદી લેવી.

# સત્ય ધર્મનો ઉદ્યોત

ચૈત્ર સુદ ૧૩, ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણક દિન છે. આ જ દિવસે ૮૧ વર્ષ પૂર્વે આપણા માટે સત્યધર્મનો ઉદ્યોત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રીનો સંપ્રદાય પરિવર્તનનો દિન છે આ પ્રસંગે **બા.બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહનું** વક્તવ્ય ટૂંકમાં આપવામાં આવે છે.

કુદરતનો કેવો સુભગ સમાગમ? કે ભરતના ચરમ તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણકે મહાવિદેહના ભાવી તીર્થંકરનો પુનર્જન્મ ? કે જેને અસંખ્યાતા જીવોના પુનર્જન્મ કર્યા !

આજનો મહામંગળ દિવસ જૈન શાસનના ઈતિહાસમાં રત્નાક્ષરે લખાશે. એક સ્થાનકવાસીના કોહીનૂર હીરા તરીકે ગણાતા સાધુએ દિગંબર ધર્મના સાધક તરીકે પોતાને ઘોષિત કરી, એમના જ નહીં પણ આપણા જેવા અસંખ્ય મુમુક્ષુઓનો મહાવીર ભગવાનના પવિત્ર માર્ગે પુનર્જન્મ કરાવ્યો. આ અત્યારે પંચમકાળના અંત સુધી તો ઠીક પણ ધાતકીખંડના મહાવિદેહમાં લખાતા સૂર્યકીર્તિના પુરાણમાં પણ આજનો મંગળ દિવસ શાશ્વતા રત્નાક્ષરે ચમકતો રહેશે. ધન્ય આજની પવિત્ર ઘડી, ધન્ય આજનો મંગળ ભાવ અને ધન્ય આ પુનર્જન્મનો રત્ન ચિંતામણિ મહોત્સવ !

પૂજ્ય ગુરુદેવશ્રી વિ.સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી અને બહારમાં વેષ તથા આચાર જુદા હતા, એ વિષમ સ્થિતિ—તેમને અંતરમાં ખટકતી હતી; તેથી તેમને 'પરિવર્તન' કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય વિ.સં. ૧૯૮૫માં વિંછીયામાં શેષકાળ વખતે પોતાના સાંસારિક મોટાભાઈ શ્રી ખુશાલભાઈને જણાવેલો. ખુશાલભાઈને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ હતો. તેમણે કહ્યું ''પ્રભુ ! આપને સુખ ઉપજે તેમ કરજો, પણ સંપ્રદાયમાં તમારી પ્રતિષ્ઠા ઘણી છે તેથી લોકો પરિવર્તન જીરવી નહિ શકે માટે ધીરે ધીરે કરજો, ઉતાવળ કરશો નહી.''

'પરિવર્તન' ન કરવા માટે, જુદા જુદા ગામના પ્રતિષ્ઠિત જૈન અગ્રેસરોએ ખૂબ વિનંતી કરી અને કહ્યું કે—''મહારાજ ! આપને જે શાસ્ત્રો વાંચવા હોય તે આપ ખુશીથી વ્યાખ્યાનમાં વાંચજો, જોઈએ તો આપના માટે જુદુ પુસ્તકાલય બંધાવી દઈએ, પણ આપ અમારો સંપ્રદાય ન છોડો, મુહપત્તિ ન છોડો.'' આમ છતાં આ નીડર, નિસ્પૃહ અને નિજ આત્માર્થે જીવનાર મહાપુરુષ પોતાના દૃઢ નિર્ણયમાં મેરુસમ અડગ રહ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીનો વિચાર, જ્યાં સંપ્રદાયના જૈનોના ઘર ન હોય—તેમની લાગણી ન દુભાય તે માટે—ત્યાં એકાંત શાંતસ્થળમાં, પરિવર્તન કરવાનો હતો. તે પ્રયોજનની સિદ્ધિ અર્થે તેમણે જામનગરથી રાજકોટ તરફ વિહાર કર્યો. કેટલાક ભક્તોએ 'પરિવર્તન' માટે રાજકોટ, જડેશ્વર (વાંકાનેર), દુધરેજ, જોરાવરનગર, સમઢિયાળા, ઉમરાળા, વરતેજ, પાલિતાણા વગેરે સ્થળો શોધી રાખ્યા હતા. વાંકાનેરવાળા વનેચંદ શેઠની અગાસ—શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં તેડી જવાની ભાવના હતી, પરંતુ વસ્તુસ્વરૂપની સ્વતંત્રતાને સ્વાધીનતાના ઉદ્‌ઘોષક આ સિંહપુરુષને કોઈપણ પ્રકારનો સંપ્રદાય પ્રતિબંધ ઈષ્ટ નહોતો. તેથી અગાસ જવાનું ઠીક ન લાગ્યું તથા આજુબાજુના અન્ય સ્થળોએ સંપ્રદાયના ઘરો ઘણા હોવાથી ત્યાં પણ મન ન ઠર્યું. શ્રી ખુશાલભાઈએ ઉમરાળામાં પરિવર્તન કરવાની અને તેમના ઘરે રહેવાની વિનંતી કરી. જે ગામમાં હાથીની અંબાડીએ ધામધૂમથી દીક્ષા મહોત્સવ થયો હોય ત્યાંના જૈનો 'પરિવર્તન' સહન ન કરી શકે, તેમની લાગણી દુભાય—એમ વિચારી ખુશાલભાઈની વિનંતી ન સ્વીકારી.

તે વખતે સોનગઢથી હરગોવિંદભાઈ મોદી, તેમના બહેન દૂધીબેન અને હીરાભગત (હીરાચંદભાઈ દામાણી) દર્શન કરવા આવેલા. તેમણે સોનગઢ પધારવા વિનંતી કરી. પૂજ્ય ગુરુદેવશ્રી વિ.સં. ૧૯૯૧ના ફાગણ વદ ત્રીજના દિવસે સોનગઢ પધાર્યા. ગામ વચ્ચે હરગોવિંદભાઈના ખાલી મકાનમાં ઉતરેલા. બે દિવસ પછી હીરાભગતનું 'સ્ટાર ઑફ ઈન્ડિયા' મકાન ખાલી થયું. તેમણે તથા હરગોવિંદભાઈ વગેરેએ, તે સ્થળે ઘણું એકાંત હોવાથી, ત્યાં પધારવા વિનંતી કરી. ફાગણ વદ પાંચમના દિવસે 'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં પધાર્યા. આ સ્થાન ઘણું શાંત, નિર્જન અને એકાંત હોવાથી પૂજ્ય ગુરુદેવને પસંદ પડ્યું. આ ગામમાં સ્થાનકવાસી જૈનોની વસ્તી નહિ હોવાથી, 'પરિવર્તન' માટે પણ અનુકૂળ લાગ્યું. તેથી તેઓશ્રીએ સોનગઢમાં યોગ્ય સમયે—વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૩ (મહાવીર જયંતી) મંગળવારના શુભ દિને મધ્યાહ્ન ૧૩-૧૫ વાગ્યે દિગંબર પાર્શ્વનાથ ભગવાન ચિત્રપટ સમક્ષ—'પરિવર્તન' કર્યું. સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, કેવા ખોટા આળ આવે છે તે બધું ખ્યાલમાં હતું, પણ તે નીડર, નિસ્પૃહ ને ક્રાંતિવીર મહાત્માએ તેની કાંઈપણ પરવા કરી નહીં. સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતની ખ્યાતિ, લાભ, પૂજા ને માનાદિથી તદન નિરપેક્ષપણે હજારોની માનવમેદનીમાં ગર્જતો સિહ 'સત્‌ને ખાતર' સોનગઢના એકાંત સ્થાનમાં જઈને બેઠો.

પૂજ્ય ગુરુદેવશ્રી બોટાદ-સંપ્રદાયના સાધુ હતા. પરિવર્તન પહેલાં બોટાદથી વિદાય વખતે વળાવવા આવેલા સેંકડો સ્થાનકવાસી ભાઈ-બહેનોને માંગલિક સંભળાવ્યા પછી, તેમણે સ્પષ્ટપણે એવા આશયનું જાહેર કરી દીધું કે—સંપ્રદાયમાં, બાહ્યક્રિયાકાંડમાં ધર્મ મનાઈ રહ્યો છે તે ભગવાન મહાવીરનો સાચો માર્ગ નથી. મહાવીરનો સાચો માર્ગ અંદરમાં—આત્માની અનુભૂતિમાં—છે. અમે તે માર્ગે જઈ રહ્યા છીએ, જેમને એ માર્ગે આવવું હોય, આત્માનું કલ્યાણ કરવું હોય, તેઓ અમારી પાછળ ચાલ્યા આવજો. એમ કહી ત્યાંથી ઉમરાળા તરફ વિહાર કરી ગયા. આખો સંઘ 'અરે ! અમારો હીરો અમને છોડી ચાલ્યો જાય છે' એવા વેદનથી અશ્રુભીના નેત્રે અને દુઃખિત હૃદયે પાછો વળ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસ્તિથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસોનો પગરવ ક્યાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલ બે-ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પકંચુકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિસ્પૃહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

## સંપ્રદાય ઉપર 'પરિવર્તન'ની અસર

'પરિવર્તન'ના દિવસે સાંજે લૌકિક પત્રના તંત્રી શ્રી કક્કલભાઈ કોઠારી આ અંગે જાણવા માટે આવ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીએ વિશેષ વાત ન કરતાં, સંક્ષેપમાં માત્ર એટલું કહ્યું; 'આજથી હું સ્થાનકવાસી સંપ્રદાયનો સાધુ નથી, સનાતન સત્ય દિગંબર જૈનધર્મનો સાધક બ્રહ્મચારી છું.' તેમણે તે વાત પત્રમાં છાપી નાખી. સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણો ખળભળાટ થયો, અતિશય વિરોધ થયો, પરંતુ મહારાજશ્રી કાઠિયાવાડના સ્થાનકવાસી જૈનોના હૃદયમાં પેસી ગયા હતા. તેમની પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તેમના હૃદયમાં એવા વસી ગયા હતા કે તેઓ સંપ્રદાયને છોડવા તૈયાર હતા પણ પૂજ્ય ગુરુદેવશ્રીને નહીં. સંપ્રદાયની શ્રદ્ધા છોડવી તે કાંઈ સામાન્ય વાત નથી. તો પણ પૂજ્ય ગુરુદેવશ્રીની શ્રદ્ધા સામે તેમને બધુ જ સ્વીકાર્ય હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ યોગ્ય કર્યું હશે' એમ વિચારીને—ધીમે ધીમે લોકોનો પ્રવાહ સોનગઢ તરફ વહેવા લાગ્યો. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક વ્યામોહ તેમજ

લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં બુદ્ધિશાળી ને વિચારશીલ સત્સંગાર્થીજનોનાં પૂર દિન-પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયાં. પહેલા જ પર્યુષણમાં બોટાદથી, સંપ્રદાયની ગાદીના ગામથી, શ્રી રાયચંદ ગાંધી વગેરે સાંઈઠ મુખ્ય પ્રતિષ્ઠિત સજ્જનો, વિરોધની આંધીની ઉપેક્ષા કરીને, વાણીનો લાભ લેવા આવ્યા. બોટાદના આ હિંમતભર્યા સાહસથી અન્ય ગામોના સ્થાનકવાસીઓને સોનગઢ આવવા માટે માર્ગ મોકળો થયો.

પરિવર્તન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ રહ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિદિન મળતી અનુભવભીની અધ્યાત્મવાણીનો લાભ લેવા માટે જૂના પરિચીત કેટલાક ભક્તોએ સોનગઢમાં મકાન લઈ સ્થિર વાસ કર્યો. શ્રી ખુશાલભાઈ પણ પાલેજ છોડીને સોનગઢમાં રહેવા આવી ગયા. પૂજ્ય બહેનશ્રી તથા અન્ય બહેનો પણ સોનગઢમાં વસી ગયા. વિ.સં. ૧૯૯૨ અષાઠ વદ અમાસના દિને ખુશાલભાઈનો સ્વર્ગવાસ થયો. ત્યારપછી ખુશાલભાઈના ધર્મપત્ની ગંગાબહેન દ્વારા વિનંતી કરવાથી પૂજ્ય ગુરુદેવશ્રીએ સવાર-બપોર બે વખત પ્રવચન આપવાનું શરૂ કર્યું. 'સ્ટાર ઑફ ઇન્ડિયામાં' પૂજ્ય ગુરુદેવશ્રી ત્રણ વર્ષ, ત્રણ માસને ત્રણ દિવસ રહ્યા હતા.

તે ગુરુ ચરણ જહાં ધરે, જગમેં તીરથ જેહ,
સો રજ મમ મસ્તક ચઢો, સેવક માંગે એહ... તે ગુરુ મેરે મન બસો.

અહીંથી સાચા ધર્મનો ઉદ્યોત થયો છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ)

શાસ્ત્ર તો આત્માના આનંદને ઓળખાવે છે, અને ભવ્યજીવો કાનરૂપી અંજલિથી તે અમૃતને પીએ છે; અહીં ઉપાદાન ઉપર જવાબદારી નાંખી કે લાયક પ્રાણી જ પરમાગમને શ્રવણ કરીને આત્માના આનંદનું પાન કરે છે. જો જીવ આત્માના અમૃત સ્વરૂપને સમજાવનાર શાસ્ત્ર જ ન સાંભળે તો તે સમજે ક્યાંથી? અમૃતરસ શાસ્ત્ર બતાવે છે અને કાનરૂપી અંજલિથી તે ભવ્યજીવો પીએ છે. સાચી તરસવાળો એક ટીપુંય નીચે પડવા ન દીએ, તેમ ભવ્યજીવ જેને અનંતજન્મમરણ ટાળવાની સાચી ધગશ લાગી છે તે શાસ્ત્રનાં શ્રવણમાં બરાબર ધ્યાન રાખે—એક શબ્દ પણ જવા દે નહીં. અનંત જન્મમરણ ટાળવાનો ઉપાય આત્માની ઓળખાણ જ છે, અને તે શાસ્ત્ર બતાવે છે. ભવ્યજીવ શાસ્ત્ર શ્રવણદ્વારા પરથી નિરાળા આત્માની ઓળખાણ કરી લ્યે છે, એવું પરમાગમ છે. (ક્રમશઃ) ❋




# શાસ્ત્રનું સ્વરૂપ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)

જેમાં ત્રણકાળ ત્રણલોકમાં ફેર ન પડે, તથા પૂર્વાપર વિરોધ રહિત હોય એવા શાસ્ત્ર કોને કહેવાં? તે હવે કહે છે :—

तस्स मुहग्गदवयणं, पुव्वावरदोस विरहियं सुद्धं।
आगममिदि परिकिहियं, तेण दु कहिया हवंति तच्चत्था॥

तस्य मुखोद्गतवचनं पूर्वापरदोषविरहित शुद्धम्।
आगममिति परिकथितं तेन तु कथिता भवन्ति तत्त्वार्थाः॥८॥

સામાન્ય અર્થ :—ઉપર કહ્યું તેવા અરિહંતના મુખથી નીકળેલ વચન આગળ–પાછળના દોષ રહિત અને શુદ્ધ છે તેને શાસ્ત્ર કહેવાય; તે શાસ્ત્રોમાં તત્ત્વ–અર્થોનું વર્ણન હોય છે.

નિશ્ચયથી અરિહંતના મુખદ્વારા જ પરમાગમ પ્રગટ થયા છે, તે પરમાગમ કેવા છે, તે નક્કી કરવું જોઈએ. રૂા. ૫૦,૦૦૦) વ્યાજે મૂકવા હોય તો બરાબર નક્કી કરે છે કે જેને ત્યાં રૂા. મૂકે છે તે વિશ્વાસ કરવા જેવા છે કે નહીં? વ્યાજના લોભે મૂડી જાય એવું તો નથીને? ત્યાં જેમ નક્કી કરે છે તેમ અરિહંતકથિત શાસ્ત્ર કોને કહેવા કે જે શાસ્ત્રથી આત્માનું હિત થાય? એ નક્કી કરવું જોઈએ. અહીં તો આત્માની અર્પણતા કરવી છે–તેમાં અંધશ્રદ્ધા ચાલે નહિ.

જેમને જ્ઞાનાનંદ શુદ્ધ દશા પ્રગટી છે તેમના મુખકમળદ્વારા ચતુર વાક્યરચનાના સમૂહરૂપ એવો દિવ્યધ્વનિ નીકળે છે–તે પૂર્વાપર વિરોધ રહિત છે. પહેલાંનું કથન પછીના કથનથી વિરોધરૂપ ન હોય. પહેલાં એમ કહે કે 'રાગ–દ્વેષ, હિંસાદિ ન કરવાં' અને પછી કહે કે 'ગુન્હેગારને મારવો' તો તે વિરોધરૂપ વચન છે; સર્વ પ્રત્યે સમભાવ જોઈએ, તે જ અહિંસક ભાવ છે. એકવાર આત્મા અને જડને જુદા કહે અને પછી કહે

> જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,
> આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫. —શ્રી નિયમસાર

કે આત્મા જડનું કરી શકે—તો તે વચન વિરોધરૂપ છે. આત્મા આત્માપણે છે, તો જડપણે તે નથી. બન્ને વસ્તુ ત્રણેકાળ જુદી છે. આત્મા છે તે જડ નથી, જડ છે તે આત્મા નથી; બે તત્ત્વ જુદા કહીને પછી એક કહે એવું વચનમાં વિરોધપણું અરિહંતને હોય નહીં.

આત્મા અને શરીરાદિ ત્રિકાળ જુદા છે. આત્મા આત્માપણે છે તે સ્વભાવની પોતાને ખબર નથી તેથી અજ્ઞાની પરમાં પોતાપણું માને છે, અને રાગ–દ્વેષ કરે છે. પોતાના સ્વભાવના ભાનમાં તે રાગાદિનો નાશ છે.

અજ્ઞાનીના કથનમાં વચનવિરોધ હોય. એકવાર કહે કે આત્મા અને જડ બન્ને વસ્તુઓ છે, પછી કહે કે 'જડ વસ્તુ છે જ નહીં' એમ વિના કારણ (અપેક્ષા સિવાય) કહે તે વચનનો વિરોધ છે. પહેલા વાક્યમાં પોતે સ્થાપેલી વાતને બીજા વાક્યમાં કારણ વગર ઊથાપવી—તે વચન વિરોધ છે. આત્મા અને જડ વસ્તુ બન્ને છે, અને જડ વસ્તુ તે આત્મામાં નથી–જડપણે તો તે છે જ; જો જડ ન હોય તો આત્મામાં વિકાર કેમ થાય? એકલી વસ્તુમાં પર લક્ષ વિના પોતાની મેળે વિકાર થાય નહીં, એકલી વસ્તુમાં વિકાર થાય તો વિકાર તેનો સ્વભાવ થઈ જાય. તેથી વિકારનું નિમિત્ત પર વસ્તુ છે ખરી, પણ પર વસ્તુ વિકાર કરાવતી નથી; જેમ એકલી દોરડીમાં સર્પનો ભ્રમ ન પડે, પણ જ્ઞાનમાં સર્પનું લક્ષ હોય તો દોરડીમાં સર્પ હોવાનો ભ્રમ પડે, તેમ જો જડ વસ્તુ જ ન હોય તો "જડ મારાં" એવો ભ્રમ પડે નહીં. (અહીં ભ્રમનું કારણ પર વસ્તુ છે એમ નથી કહેવું, પણ આત્મા સિવાય બીજી વસ્તુ પણ છે એમ સાબિત કરવું છે.)

ત્રણકાળ ત્રણલોકને જાણનારું જ્ઞાન સામર્થ્ય તો અંદર પડ્યું જ છે, પણ રાગ–દ્વેષને કારણે અટકી ગયું છે તેથી પૂરું જાણી શકતું નથી. સર્વજ્ઞને તે જ્ઞાન પ્રગટ છે, તેથી બધું જાણી શકે છે. તેમના કહેલા શાસ્ત્રને પરમાગમ કહેવાય છે, તે પરમાગમનું સ્વરૂપ ચાલે છે.

પરમાગમ હિંસાદિનો ઉપદેશ આપે નહીં; જે હિંસાદિનો આદેશ આપે તે શાસ્ત્ર કહેવાય નહીં; પાપ ક્રિયાની પુષ્ટિના અભાવથી જે શુદ્ધ છે તે શાસ્ત્ર છે. રાગ–દ્વેષ બન્ને પાપ ક્રિયા છે, તેનાથી પોતાના આત્માની હિંસા છે. પર જીવ મરે કે ન મરે તે આત્માને આધીન નથી, પણ મારવા કે જીવાડવાનો ભાવ આત્મા કરી શકે છે. પરને જીવાડવાનો ભાવ તે રાગ છે. મારવાનો ભાવ તે દ્વેષ છે. એ બન્નેમાં પોતાના આત્માની હિંસા છે.

ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને
ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬. –શ્રી નિયમસાર

જે વડે આત્માનો ગુણ હણાય તે કરવાની ભગવાનની આજ્ઞા હોય જ નહીં. કોઈપણ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં રાગ–દ્વેષની આજ્ઞા પરમાગમમાં હોય નહીં, કેમ કે રાગાદિ આત્માના વીતરાગ સ્વભાવની હિંસા કરનાર છે. વળી પરમાગમમાં જીવાદિ સાત તત્ત્વોનું વર્ણન છે, તે નીચે પ્રમાણે :—

૧–જીવ :—અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે; જીવ અનંત છે.

૨–અજીવ :—અનાદિ અનંત જડ વસ્તુ છે, પુદ્‌ગલ પરમાણુ અનંત છે.

૩–આસ્રવ :—પુદ્‌ગલના લક્ષે જીવમાં થતા શુભાશુભ ભાવ તે ભાવઆસ્રવ અને જીવના ભાવનું નિમિત્ત પામીને કર્મનું આવવું તે દ્રવ્ય–આસ્રવ છે. પુણ્ય–પાપ બંને આસ્રવ જ છે.

૪–બંધ :—આસ્રવના કારણે જીવ–પુદ્‌ગલનું એક પ્રદેશે ભેગા રહેવું તે બંધ.

૫–સંવર :—સ્વભાવના ભાન વડે જેટલો આસ્રવ રોકાય તે સંવર.

૬–નિર્જરા :—સંવરપૂર્વક પૂર્વકર્મનું ટળી જવું તે નિર્જરા.

૭–મોક્ષ :—આવરણનું સંપૂર્ણ ટળી જવું તે મોક્ષ.

પુણ્ય–પાપને આસ્રવમાં ગણીને આ સાત તત્ત્વો કહેવાય છે, અને પુણ્ય–પાપ બંને જુદા ગણવામાં આવે તો નવ પદાર્થો કહેવાય છે. જે શાસ્ત્રમાં સાત તત્ત્વ અથવા નવ પદાર્થનું યથાર્થ વર્ણન હોય તે જ શાસ્ત્ર છે. બધા આત્મા મળીને એક છે એમ કેટલાક કહે છે–તે વાત ખોટી છે. દરેક આત્માની જાત એક છે, પણ સંખ્યાએ દરેક જુદા જુદા છે. અનંત આત્માઓ દરેક જુદા જુદા છે.

પરમાગમ કેવું છે? કે અમૃતરૂપ છે. આત્માના આનંદને પ્રગટ કરવામાં નિમિત્ત છે. આત્મા પોતામાં આનંદ છે તે ભૂલીને પરમાં સુખ માને છે તે મૂઢતા છે, તે પોતાના સ્વભાવનું માહાત્મ્ય ભૂલીને બીજાને માહાત્મ્ય આપે છે. મારા સુખ માટે જડની જરૂર પડે એવી જે અજ્ઞાનદશા તે આત્માના સ્વાધીન અમૃતને લૂંટનારી છે. અને આગમ આત્માના અમૃતસ્વરૂપને બતાવે છે કે—''તારો આનંદ તારામાં છે, તે ઓળખીને ઠર, એ જ સુખનો ઉપાય છે, બીજો ક્રિયાકાંડ કે પુણ્ય એ કોઈ ઉપાય નથી. તું ચિદાનંદ સ્વરૂપ છો.'' આનંદ છે તો આત્મામાં જ, કાંઈ શાસ્ત્ર આત્માનો આનંદ આપતું નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.　　　–શ્રી નિયમસાર**



# સર્વજ્ઞદેવની ઓળખાણ

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૧, શનિવાર)

આ સત્તાસ્વરૂપ ગ્રંથમાં ગૃહીત મિથ્યાત્વના ત્યાગનો ઉપદેશ મુખ્યપણે છે. ગૃહીત મિથ્યાત્વ એટલે ગ્રહણ કરેલી ખોટી માન્યતા; જન્મ થયા પછી ઊંધી વાત નવી પકડી છે તે છોડાવવાની સત્તાસ્વરૂપમાં મુખ્યપણે વાત છે. અનાદિની જે ઊંધી પક્કડ છે તે (અગૃહીત મિથ્યાત્વ) છોડાવવાની વાત સવારે સમયસારમાં આવે છે. પ્રથમ આ સ્થૂળ મિથ્યાત્વને છોડવાની વાત ન સમજે ત્યાં સુધી સૂક્ષ્મ મિથ્યાત્વ છોડવાની વાત પણ સમજાય નહીં. વીતરાગ દેવ-ગુરુ સિવાય બીજા સ્ત્રી-કુટુંબ વગેરે ઉપર જે પ્રેમ છે તેના કરતાં વીતરાગ દેવ-ગુરુ-ધર્મ ઉપર જો વધારે પ્રેમ ન હોય તો તેને સ્થૂળ ગૃહીત મિથ્યાત્વનો પણ ત્યાગ નથી.

જ્યાં સુધી સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની ભક્તિ અને તન, મન, ધન ખર્ચવાનો ઉલ્લાસ ન આવે, તથા પ્રથમ દશામાં તેના માનેલા સુરધન વગેરે કુદેવાદિ માટે જેટલા તન, મન, ધન ખરચતો હતો તેના કરતાં વધારે ભક્તિ તથા તન, મન, ધન સત્ દેવ-ગુરુ-ધર્મ માટે ન ખર્ચે ત્યાં સુધી તેને સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ નથી. સ્થૂળ મિથ્યાત્વના ત્યાગ વગર સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ટળી શકે નહીં; છતાં પણ સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ પૂર્વે અનંતવાર જીવે કર્યો છે. પણ સૂક્ષ્મ મિથ્યાત્વનો ત્યાગ પૂર્વે કદી પણ કર્યો નથી. સ્ત્રી, કુટુંબના લોચા ઉપર દેવ-ગુરુ કરતાં વધારે પ્રેમ હોય તો તે તીવ્ર મિથ્યાત્વના મહારોગમાં સડેલો છે. કોઈ કહે કે અમને દેવ-ગુરુનો પ્રેમ છે પણ હોંશ નથી આવતી. તો તે વાત જૂઠી છે. તારા બાયડી-છોકરાં પ્રત્યે હોંશ આવે, તેના માટે તન, મન, ધન ખર્ચે, રૂપિયા જુદા રાખે અને અહીં દેવ-ગુરુની ખાતર તને હોંશ ન આવે તો તને દેવ-ગુરુનો પ્રેમ જ નથી. દેવ-ગુરુ કરતાં સ્ત્રી આદિને માટે વધારે ઉત્સાહથી તન, મન, ધન ખર્ચે તો તે વીતરાગને ઠગે છે એટલે કે ખરેખર તો પોતાના આત્માને જ ઠગે છે. પોતાને વીતરાગનો સેવક કહેવડાવે છે પણ હજી વીતરાગ દેવની રુચિ નથી, તો તેને પોતાના આત્માની રુચિ તો થાય જ ક્યાંથી? નિમિત્તનો પણ વિવેક કરતાં આવડતો નથી તે ઉપાદાનને ઓળખશે

**રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮. –શ્રી નિયમસાર**

કઈ રીતે? જ્યાં સુધી સત્ દેવ-સદ્ગુરુ પ્રત્યેનો ઉલ્લાસ ન આવે ત્યાં સુધી તેના અંતરમાં ગૃહીત મિથ્યાત્વનું તીવ્ર પાપ પડ્યું છે.

પોતાના જ્ઞાનમાં અનુમાનાદિ વડે પણ સર્વજ્ઞનો નિર્ણય કર્યો ન હોય, અને તે દરરોજ ભગવાનના દર્શન કરવા જાય તોપણ તે વીતરાગનો સેવક નથી. વીતરાગનો સેવક ક્યારે બને, ભગવાનનો દાસ ક્યારે થાય, ભગવાનનો ઉપદેશેલો માર્ગ ક્યારે ગ્રહણ કરે અને ભગવાને કહેલા તત્ત્વોનું શ્રદ્ધાન ક્યારે કરે? કે જ્યારે શાસ્ત્રમાં ભગવાને શું કહ્યું છે તે જાણે અને અનુમાનાદિથી સર્વજ્ઞના સ્વરૂપનો સાચો નિશ્ચય થઈ ગયો હોય ત્યારે. ત્રણકાળ ત્રણલોક ફરી જાય પણ તેનો નિર્ણય ન ફરે એવી શ્રદ્ધા થઈ હોય તો પછી તત્ત્વની શ્રદ્ધા કરી શકે છે. ગ્રંથકાર કહે છે કે તત્ત્વના સ્વરૂપનો જેને નિર્ણય નથી તે વીતરાગનો સાચો સેવક નથી, જૈન નથી. જેને સર્વજ્ઞના સાચા સ્વરૂપનો નિર્ણય થયો જ નથી તથા વિશેષ સાધનનું યથાર્થ જ્ઞાન થયું જ નથી તો તે નિર્ણય વિના કોનો સેવક બની દર્શન કરે છે વા જાપ કરે છે? અર્થાત્ સર્વજ્ઞના સ્વરૂપનો જેને નિર્ણય નથી તે વીતરાગનો ભક્ત નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે તત્ત્વ કહ્યું છે તેની જેને ઓળખાણ નથી, જ્ઞાનમાં નિર્ણય થયો નથી અને કહે છે કે સર્વજ્ઞ કેવા હશે તે કોણ જાણે? આપણને કેવળજ્ઞાન થશે ત્યારે સર્વજ્ઞનો નિર્ણય કરશું, તો એમ કહેનારને સર્વજ્ઞની શ્રદ્ધા જ નથી, તત્ત્વનો નિર્ણય નથી. તે જૈન પણ નથી, સર્વજ્ઞને જ તે માનતો નથી.

સર્વજ્ઞદેવે વિશેષ સાધનનું એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે, જન્મ-મરણ ટાળવાનો ઉપાય બતાવ્યો છે, જે સાંભળીને ખ્યાલ આવી જાય કે અહો! સર્વજ્ઞદેવ સિવાય આ સ્વરૂપ બીજો કોઈ કહી શકે નહીં. અરિહંત ભગવાનનું સ્વરૂપ આમ જ હોય એમ સર્વજ્ઞદેવના નિર્ણય વગર દર્શન કોના કરે છે? અનંત સર્વજ્ઞો ધર્મનો એક જ માર્ગ કહે છે, ધર્મનો માર્ગ બીજો હોઈ શકે નહીં. આત્માનો પરમાર્થ અર્થાત્ સ્વરૂપની શાંતિ તેનો સાચો રસ્તો ત્રણે કાળે એક જ પ્રકારે સર્વજ્ઞે કહ્યો છે. એમ સર્વજ્ઞના નિર્ણય વિના કોનો સેવક થયો છે અને જાપ કોનો કરે છે? જેના દર્શન કરે છે અને જાપ કરે છે તે અરિહંતને તો જાણતો નથી, તો તું ભક્તિ કોની કરે છે?

ત્યારે કોઈ જવાબ આપે કે અમે તો અમારા બાપદાદા માનતા તે માનીએ છીએ તથા અમારા ગુરુ કહે તે માની બેસીએ છીએ અને જ્ઞાતિના આગળ પડતા માણસો તથા

**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.**　　　**–શ્રી નિયમસાર**

અમારો સંઘ આ જ દેવને માને છે માટે અમે પણ માનીએ છીએ. વળી તે સર્વજ્ઞના પૂજાદિક અમે ધર્મબુદ્ધિથી કરીએ છીએ અને અરિહંતને જ દેવ માનીને તેની પૂજા, જાપ વગેરે કરીએ છીએ. બાપદાદાથી ૫૦૦–૧૦૦૦ વર્ષનું ચાલ્યું આવે છે તે જ અમે માનતા આવ્યા છીએ, અને અમારે પણ મોક્ષ જવું છે, એમ કેટલાક વાડાને આશ્રયે, સંઘને આશ્રયે મૂઢમતિથી માની બેઠા છે, પણ દેવનું સાચું સ્વરૂપ સમજતા નથી. તે જૈન નામ ધરાવે છે, પણ અજ્ઞાની છે. તેવાઓને કહે છે કે સાંભળો! અરિહંતદેવ તો સાચા જ છે, પણ તમારા જ્ઞાનમાં તેનું સાચાપણું ભાસ્યા વિના તમે તેના સાચા સેવક નથી. સર્વજ્ઞના સ્વરૂપના નિર્ણય વિના તેમના સાચા ભક્ત થઈ શકાય નહીં. જેમ તમે તમારા કુળધર્મ પ્રમાણે, તથા પંચાયતના આશ્રયે તમારા દેવને ધર્મબુદ્ધિથી માનો છો તેમ અન્યમતિઓ પણ કુળાદિકના આશ્રયે તેના માનેલા દેવને ધર્મબુદ્ધિથી પૂજે છે, તો તમારામાં અને તેનામાં ફેર ક્યાં રહ્યો? જેમ કોઈ બોકડો કાપીને તેનું માંસ ફકીરને ખવડાવે તેમાં 'સવાબ' માને છે એટલે કે બોકડો મરે તેનું કાંઈ નહીં પણ ફકીરને ખવડાવવાનો તો ધર્મ થાશે એમ માનીને તે ધર્મબુદ્ધિથી કાળા કેર કરે છે અને તેમાં પોતે ધર્મ માને છે. તેમ તમે તમારા દેવનું સ્વરૂપ જાણતા નથી, તેમનું સાચાપણું કઈ રીતે છે તે તમને ભાસ્યું નથી તો તમારામાં અને તેનામાં ફેર શું પડ્યો? વાઘરણ કહે છે કે અમારી દેવી જેવી તો જગતમાં કોઈ શક્તિ નથી, ઈશ્વરને પણ અમારી દેવીનું શરણું લેવું પડ્યું હતું. એ વાઘરણ પણ પોતાની માનેલી દેવીને સાચી માને છે, અને તમે પણ તમારા માનેલા દેવને સાચા માનો છો, પણ તેનું સ્વરૂપ જાણતા નથી તો તેનામાં અને તમારામાં ફેર શું પડ્યો?

કોઈ એમ કહે કે બાપદાદાથી ચાલ્યું આવતું હોય તે કેમ મૂકાય? તો તેને કહે છે કે અરે તારો બાપદાદો નિર્ધન હોય તો નિર્ધનપણું ફેરવીને ધનવાન થવામાં બાપદાદામાં ફેર પાડે છેને? ત્યાં એમ નથી કહેતો કે મારા બાપ પાસે આટલું ધન હતું માટે તેના કરતાં વધારે હું નહીં રાખું! તો બાપદાદા જે ધર્મ માનતા હતા તેના કરતાં સાચો ધર્મ મળે અને તે ન માન તો તને ધર્મની રુચિ જ નથી. સવારે સમયસારની વાત તો અલૌકિક છે, પણ પ્રથમ આ વાત—દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ—ન સમજે તો તેને સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ પણ નથી. અને જીવ જો માત્ર દેવ-ગુરુની વાતમાં રોકાય જાય તો પણ તેને અંદરનું સ્વરૂપ સમજાય નહીં. આ તો અત્યારની અને સવારની વાતનો મેળ કરીને એકાવતારી થઈ જવાની વાત છે. બીજાઓ જેમ સમજ્યા વગર કર્યા કરે છે તેવું તું પણ કર્યા કર તો તારામાં અને બીજામાં ફેર પડ્યો જ નથી. ભાઈ! સાચા દેવ-ગુરુને ઓળખ્યા વિના તારામાં અને અન્યમતિમાં ફેર નથી. (ક્રમશઃ) ❊



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**इच्चेवमाइदुक्खं जं णरए सहदि एयसमयम्हि।**
**तं सयलं वण्णेदुं ण सक्कदे सहसजीहो वि॥३७॥**

**અર્થ :—**એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહ્યાં તેને માંડીને જે દુ:ખો તે નરકમાં એક કાળમાં જીવ સહન કરે છે તેનું કથન કરવાને, જેને હજાર જીભ હોય તે પણ સમર્થ થતો નથી. ૩૭.

અહો! સ્વામીકાર્તિક નિર્ગ્રંથ સંત હતા, જંગલમાં વિચરતા હતા, તેઓ આ વૈરાગ્ય ભાવનાઓ વર્ણવે છે. નવી-નવી વૈરાગ્ય ભાવના ભાવતાં ભવ્ય જીવને આનંદ આવે છે, માટે આ ભાવનાઓને આનંદજનની કહી છે. મિથ્યાત્વ ને અજ્ઞાન વગેરે ભાવોથી જે જીવ મુક્ત છે તે જ ખરેખર મુક્ત છે. જીવને અનાદિથી મિથ્યાત્વની અને રાગ-દ્વેષની વાસના બેસી ગઈ છે. અજ્ઞાનીને તે રાગ-દ્વેષની ગંધ બેસી ગઈ છે, તેથી કહે છે કે અરે જીવ! તે ગંધ છોડીને તારા અંતરંગ ચિદાનંદસ્વરૂપની ગંધ બેસાડ એટલે કે તેની રુચિ અને વેદન કર, એટલે કે ચૈતન્યની વારંવાર ભાવના કર.

ભાવ પ્રાભૃતની ૪૨મી ગાથામાં કહ્યું છે. બહારમાં ઘરબાર છોડી દેવાથી કાંઈ મુક્ત થઈ જવાતું નથી, પણ અંદર મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવને જે છોડે છે તે જ ખરેખર મુક્ત છે. આમ વિચારીને હે જીવ! તું મિથ્યાત્વાદિ ભાવોની ગંધને છોડ, એટલે કે ચૈતન્યસ્વભાવની ભાવના કરીને તે મિથ્યાત્વાદિ ભાવોને છોડ. બહારમાં બાવો થઈ જાય તેથી કાંઈ સંસાર મટતો નથી, પણ અંદર ઊતરીને ચૈતન્યસ્વભાવનું ભાન કરે ને તેની ભાવના કરે તો સંસાર ટળે.

**सव्वं पि होदि णरये खेत्तसहावेण दुक्खदं असुहं।**
**कुविदा वि सव्वकालं अण्णोण्णं होंति णेरइया॥३८॥**

**અર્થ :—**નરકનું ક્ષેત્ર સ્વભાવથી જ સર્વ પ્રકારથી દુ:ખદાયક છે. અશુભ છે તથા નારકી જીવ સદાકાળ પરસ્પર ક્રોધ કરે છે. ૩૮.

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**          **–શ્રી નિયમસાર**

જુઓ, અહીં નરકના ક્ષેત્રને દુઃખદાયક કહ્યું. ખરેખર તો તે જ્ઞેયરૂપ છે; પણ નરકનો અજ્ઞાની જીવ તેને જ્ઞેયરૂપ ન બનાવતાં દુઃખનું નિમિત્ત બનાવે છે; તેથી પોતે પોતાના પરિણામમાં દુઃખ ભોગવે છે, માટે નિમિત્તથી ક્ષેત્રને પણ દુઃખદાયક કહ્યું છે— આમ ઉપાદાન–નિમિત્તની વાત સાથે ને સાથે સમજવી.

अण्णभवे जो सुयणो सो वि य णरए हणेइ अइकुविदो।
एवं तिव्वविवागं बहु-कालं विसहदे दुःक्खं॥३६॥

**અર્થ :—**પૂર્વભવમાં જે સ્વજન-કુટુંબી હતો તે પણ આ નરકમાં ક્રોધી બનીને ઘાત કરે છે. એ પ્રમાણે તીવ્ર છે વિપાક જેમનો એવા દુઃખો ઘણા કાળ સુધી નારકી જીવો સહન કરે છે. ૩૯.

જુઓ, બે ભાઈ હતા. તેમાં નાનો ભાઈ માંદો પડ્યો. તેના મોટા ભાઈએ દવા તરીકે ઈંડાંનો રસ વગેરે ખવડાવ્યું; તે મરીને નરકમાં ગયો અને નાનો ભાઈ મરીને પરમાધામી થયો. તે પરમાધામી નરકમાં જઈને તેના પૂર્વભવના ભાઈને મારતો હતો. તે વખતે તે કહે કે અરે! મેં તો તારા માટે કર્યું હતું ને તું જ મને મારે છે! ત્યારે તે નાનો ભાઈ કહે કે–મને એ કાંઈ ખબર નથી. અરે ભાઈ! તેં ક્યાં તેના માટે કર્યું હતું? તેં તો તારા માટે ઊંધા ભાવ કર્યા તેનું ફળ પણ તું ભોગવ. પૂર્વભવમાં સ્ત્રીને ખાતર પાપ કર્યા હોય ને નરકમાં જાય, ત્યાં તે સ્ત્રીનો જ આત્મા પરમાધામી થઈને તેને મારે. આવું સંસારમાં અનંતવાર બને છે. સગી માતા હોય ને પરમાધામી થઈને દીકરાને મારે. આવા આવા પ્રસંગો આત્માના ભાન વિના જીવને અનંતવાર આવી ગયા, માટે સાચું જ્ઞાન કરવું તે જ આવા અનંતા અવતારના નાશનું કારણ છે. અહો! જગતમાં એક સમ્યગ્જ્ઞાન જ જીવને સંસારના દુઃખોથી બચાવનારું છે. સાતમી નરકમાં ૩૩ સાગરોપમ સુધી જીવ દુઃખ ભોગવે છે. એક સાગરોપમમાં તો અસંખ્ય અબજો વર્ષ ચાલ્યા જાય છે. તે આયુષ્ય પૂરું થયા વિના ત્યાંથી નીકળી શકાતું નથી. નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું છે.

હવે તિર્યંચ ગતિના દુઃખોનું વર્ણન કરશે.

આ વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન ચાલે છે. ભાવના તે ચારિત્રગુણની પર્યાય છે. આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિર્મળ છે અને પુણ્ય-પાપ તેનું સ્વરૂપ નથી. દેહાદિ સંયોગ-વિયોગ તો પર છે–એવું ભાન કરીને જ્ઞાયકની ભાવના કરે ને વિકાર તથા

કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને
ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧. –શ્રી નિયમસાર

સંયોગની ભાવના છોડે તે જીવને અંતરમાં એકાગ્રતાથી શુદ્ધતા વધતી જાય છે—તેનું આ વર્ણન છે.

ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં જ્ઞાનની વારંવાર એકાગ્રતા થાય તેનું નામ ભાવના છે. જેણે વસ્તુને જોઈ નથી તે ભાવના કઈ રીતે ભાવે? જેમ જુગલિયાને કલ્પવૃક્ષ હોય છે, ત્યાં તેઓ કલ્પવૃક્ષનાં ફળ વગેરેને ચિંતવે છે ને તેમને તે મળે છે. પણ ત્યાં તેઓ કાંઈ અહીંના દૂધપાક કે ભજીયાની ભાવના ન ભાવે. તેમ જેણે ચૈતન્ય ચિંતામણિ આત્માનું ભાન કર્યું હોય તે જ તેની ભાવના કરે પણ જેણે આત્માને જાણ્યો નથી. દેહના સંયોગથી રહિત ચિદાનંદ તત્ત્વને જેણે ભાળ્યું નથી—જોયું નથી તે કોની ભાવના કરે? તે તો સંયોગની ને વિકારની ભાવના ભાવે ને સંસારમાં રખડે. માટે આ ઉપોદ્‌ઘાત થાય છે કે જેણે ચૈતન્યચિંતામણિ આત્મદ્રવ્યને ઓળખ્યું હોય તે જ તેની યથાર્થ ભાવના ભાવે. જ્ઞાની પુણ્ય-પાપને બંધન સમજે છે ને અંતરમાં જે ચિદાનંદ ધ્રુવસ્વભાવને જાણ્યો—અનુભવ્યો છે તેની જ ભાવના કરે છે. તે ધર્મની ભાવનાઓનું આ વર્ણન છે. આ ભાવનાથી ધર્મીને પર્યાયમાં ક્ષણે—ક્ષણે વીતરાગતા અને આનંદ વધતો જાય છે, તેથી આ ભાવનાઓ ભવ્ય જીવને આનંદની જનની છે.　　　　(ક્રમશઃ) ✻

---

વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧૮-૪-૨૦૧૫ શનિવારથી થી તા. ૭-૫-૨૦૧૫ ગુરુવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

આ સમય દરમિયાન ગુજરાત-સૌરાષ્ટ્રના ૧૪ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

# ગૃહસ્થને સત્પાત્રદાનની મુખ્યતા

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ભાઈ, લક્ષ્મી તો ક્ષણભંગુર છે; તું દાનવડે લક્ષ્મી વગેરેનો પ્રેમ ઘટાડીને ધર્મનો પ્રેમ વધાર. જેને ધર્મનો ઉલ્લાસ હોય તેને ધર્મપ્રસંગમાં તન-મન-ધન ખર્ચવાનો ઉલ્લાસ આવ્યા વગર રહે નહિ. ધર્મની શોભા કેમ વધે, ધર્માત્માઓ કેમ આગળ વધે ને સાધર્મીઓને કાંઈ પ્રતિકૂળતા હોય તો તે કેમ દૂર થાય—એવા પ્રસંગ વિચારીને શ્રાવક તેમાં ઉત્સાહથી વર્તે. આમ ધર્મના પ્રેમવાળા શ્રાવકને દાનના ભાવ હોય છે.

સમ્યગ્દર્શનપૂર્વક દેશવ્રતી શ્રાવકને અષ્ટમૂળગુણ તથા બાર અણુવ્રત હોય છે—એ બતાવ્યું. હવે કહે છે કે—ગૃહસ્થને જો કે જિનપૂજા વગેરે અનેક કાર્યો છે તોપણ તેમાં સત્પાત્રદાન સૌથી મુખ્ય છે—

(शार्दूलविक्रीड़ित)

देवाराधनपूजनादिबहुषु व्यापारकार्येषु सत्–
पुण्योपार्जनहेतुषु प्रतिदिनं संजायमानेष्वपि।
संसारार्णवतारणे प्रवहणं सत्पात्रमुद्दिश्य यत्
तद्देशव्रतोधारिणो धनवतो दानं प्रकृष्टो गुणः।।७।।

અર્થ :—દેશવ્રતી ધનવાન શ્રાવકને પ્રતિદિન ઉત્તમ પુણ્યોપાર્જનના કારણભૂત દેવારાધના અને જિનપૂજનાદિરૂપ અનેક કાર્યો હોવા છતાં પણ સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નૌકાનું કામ કરનાર જે સત્પાત્રદાન છે તે તેનો મહાન ગુણ છે. અભિપ્રાય એ છે કે શ્રાવકના સમસ્ત કાર્યોમાં મુખ્ય કાર્ય સત્પાત્રદાન છે. ૭.

શ્રાવકને સત્ પુણ્યોપાર્જનના કારણરૂપ જિનદેવનું આરાધન—પૂજન આદિ અનેક કાર્યો હંમેશા હોય છે; તેમાં પણ ધનવાન શ્રાવકને તો, સંસારસમુદ્રને પાર કરવા માટે નૌકાસમાન એવું સત્પાત્રદાન તે ઉત્તમગુણ છે, એટલે કે શ્રાવકના બધા કાર્યોમાં દાન તે મુખ્ય કાર્ય છે.

ધર્મી જીવ રોજરોજ ધર્મની પ્રભાવના, જ્ઞાનનો પ્રચાર, ભગવાનની પૂજાભક્તિ

**વચનોચ્ચરણકિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.　　　—શ્રી નિયમસાર**

વગેરે કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કર્યા કરે છે, તેમાંય ધર્માત્મા–મુનિ વગેરે પ્રત્યે ભક્તિપૂર્વક દાન દેવું તે મુખ્ય છે. આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન ને અભયદાન—એ ચાર પ્રકારનાં દાન હવેના ચાર શ્લોકમાં બતાવશે.

અહીં ધનવાન (धनवत्तो) શ્રાવક કહ્યા, તેથી કાંઈ લક્ષપતિ કે કરોડપતિ હોય તેને જ ધનવાન કહેવાય–એમ નથી; સો રૂપિયાની મૂડીવાળો હોય તો તે પણ મૂડીવાળો છે; ધનવાન એટલે જેણે હજી પરિગ્રહ છોડ્યો નથી એવા શ્રાવકોનું મુખ્ય કાર્ય સત્પાત્રદાન છે. સમ્યગ્દર્શનપૂર્વક જ્યાં આવો દાન-પૂજાદિનો શુભરાગ આવે છે ત્યાં અંતરૂદ્રષ્ટિમાં તે રાગનો નિષેધ વર્તે છે, એટલે તે ધર્મીને તે રાગથી 'સત્‌પુણ્ય' બંધાય છે. અજ્ઞાનીને 'સત્‌પુણ્ય' હોતાં નથી કેમકે તેને તો રાગના આદરની બુદ્ધિથી પુણ્યની સાથે મિથ્યાત્વનો રસ ભેગો બંધાય છે.

અહીં દાનની મુખ્યતા કહી છે તેથી બીજાનો નિષેધ ન સમજવો. જિનપૂજા વગેરેને પણ સત્‌પુણ્યના હેતુ કહ્યા છે, તે પણ શ્રાવકને દરરોજ હોય. કોઈ તેનો નિષેધ કરે તો તેને શ્રાવકપણાની કે ધર્મની ખબર નથી.

જિનપૂજાને કોઈ ધર્મ જ માની લ્યે તો ખોટું, ને જિનપૂજાનો કોઈ નિષેધ કરે તો તે પણ ખોટું. જિનપ્રતિમા એ જૈનધર્મમાં અનાદિની વસ્તુ છે. પણ એ જિનપ્રતિમા જે વીતરાગ હોય—'जिनप्रतिमा जिनसारखी' કોઈએ જિનપ્રતિમા ઉપર આભરણ-મુગુટ-વસ્ત્ર વગેરે ચડાવીને તેનું સ્વરૂપ વિકૃત કરી નાખ્યું, ને કોઈએ જિનપ્રતિમાના દર્શન-પૂજનમાં પાપ મનાવીને તેનો નિષેધ કરી નાખ્યો,—એ બંનેની ભૂલ છે. આ સંબંધી એક દ્રષ્ટાન્ત—બે મિત્રો હતા; એક મિત્રના પિતાએ બીજાના પિતાને ૧૦૦ (એકસો) રૂપિયા ઊછીના આપેલા, ને ચોપડામાં લખી રાખેલા. બંનેના પિતા ગુજરી ગયા પછી કેટલાક વર્ષે જૂના ચોપડા જોતાં એક મિત્રને ખબર પડી કે મારા પિતાએ મિત્રના પિતાને એકસો રૂપિયા આપ્યા છે; પણ તેને ઘણાં વર્ષ થઈ ગયા એમ ધારીને તે ૧૦૦ ઉપર બીજા બે મીંડા ચડાવીને ૧૦,૦૦૦ (દશ હજાર) કરી નાંખ્યા, ને પછી મિત્રને કહ્યું કે તમારા પિતાને મારા પિતાએ દશહજાર રૂપિયા આપેલા, માટે પાછા આપો. આ મિત્રે કહ્યું કે હું મારા જૂના ચોપડા તપાસીને પછી કહું. ઘરે જઈને પિતાના ચોપડા જોયા તો તેમાં દસહજારને બદલે ૧૦૦ રૂા. નીકળ્યા. આથી તેણે વિચાર્યું કે જો સો રૂપિયા કબૂલ કરીશ

**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.** **–શ્રી નિયમસાર**

તો મારે દશહજાર આપવા પડશે. એટલે તેની બુદ્ધિ બગડી ને તેણે તો મૂળમાંથી તે રકમ ઊડાડી દીધી કે મારા ચોપડામાં કાંઈ નીકળતું નથી. આમાં સો રૂપિયાની રકમ તો સાચી હતી, પણ એકે લોભથી તેમાં બે મીંડા વધારી દીધા ને બીજાએ તે રકમ સાવ કાઢી નાંખી. તેમ અનાદિ જિનમાર્ગમાં જિનપ્રતિમા, જિનમંદિર, તેની પૂજા વગેરે યથાર્થ છે, પણ એકે બે મીંડાની જેમ તેના ઉપર વસ્ત્ર-આભરણ વગેરે પરિગ્રહ વધારીને વિકૃતિ કરી નાંખી, ને બીજાએ તો શાસ્ત્રમાં મૂર્તિ જ નથી એમ ખોટા અર્થ કરીને તેનો નિષેધ કર્યો. અને આ બે ઉપરાંત, વીતરાગી જિનપ્રતિમાને સ્વીકારીને પણ તેના તરફના શુભરાગને જે મોક્ષના સાધનરૂપ ધર્મ મનાવે તે પણ ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા નથી. ભાઈ, જિનપ્રતિમા છે, તેના દર્શન-પૂજનનો ભાવ હોય છે, પણ તેની હદ કેટલી? કે શુભરાગ જેટલી.—એથી આગળ વધીને એને જો તું પરમાર્થ ધર્મ માની લે તો તે તારી ભૂલ છે.

એક શુભવિકલ્પ ઊઠે તે પણ ખરેખર જ્ઞાનનું કાર્ય નથી; હું તો સર્વજ્ઞસ્વભાવી છું, જેમ સર્વજ્ઞમાં વિકલ્પ નથી તેમ મારા જ્ઞાનમાં પણ વિકલ્પ નથી. ‘આ વિકલ્પ ઊઠે છે ને?,—તો કહે છે કે તે કર્મનું કાર્ય છે, મારું નહિ. હું તો જ્ઞાન છું, જ્ઞાનનું કાર્ય વિકલ્પ કેમ હોય?—આમ જ્ઞાનીને રાગથી પૃથક સ્વભાવના ભાનપૂર્વક તેને ટાળવાનો ઉદ્યમ વર્તે છે. જેણે રાગથી પૃથક સ્વરૂપને જાણ્યું નથી ને રાગને પોતાનું સ્વરૂપ માન્યું છે તે રાગને ક્યાંથી ટાળશે? આવા ભેદજ્ઞાન વગર સામાયિક પણ સાચી ન હોય. સામાયિક એ તો બે ઘડી અંતરના નિર્વિકલ્પ આનંદના અનુભવનો એક અખતરો છે; ને દિવસ-રાત ચોવીસ કલાક આનંદના અનુભવની અજમાયશ તેનું નામ પ્રૌષધ છે; અને શરીર છૂટવાના પ્રસંગે અંતરમાં એકાગ્રતાનો વિશેષ અભ્યાસ તેનું નામ સલ્લેખના અથવા સંથારો છે પણ જેને રાગથી ભિન્ન આત્મસ્વભાવનો અનુભવ જ નથી તેને કેવી સામાયિક? ને કેવા પ્રૌષધ?ને કેવા સંથારા? ભાઈ, આ વીતરાગના માર્ગ, જગતથી ન્યારા છે.

અહીં અત્યારે તો, સમ્યગ્દર્શન સહિત જેણે વ્રત અંગીકાર કર્યા છે એવા ધર્મી શ્રાવકને જિનપૂજા વગેરે ઉપરાંત દાનનો ભાવ હોય છે તેની વાત ચાલે છે. તીવ્રલોભરૂપી કૂવાની ભેખડમાં ફસાયેલા જીવોને તેમાંથી બહાર કાઢવા માટે શ્રી પદ્મનંદીસ્વામીએ કરુણા કરીને દાનનો ખાસ ઉપદેશ આપ્યો છે. દાનઅધિકારની ૪૬

**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪. –શ્રી નિયમસાર**

મી ગાથામાં કાગડાનું દૃષ્ટાન્ત આપીને કહે છે કે—જે લોભીપુરુષ દાન દેતો નથી તે લક્ષ્મીના મોહરૂપી બંધનથી બંધાયેલો છે, તેનું જીવન વ્યર્થ છે; તેના કરતાં તો કાગડો સારો છે કે જે પોતાને મળેલા ઊકડિયા કો...કો....કરીને બીજા કાગડાને ભેગા કરીને ખાય છે! જ્યારે તારા ગુણ દાઝયા એટલે કે તેમાં વિકૃતિ થઈ ત્યારે રાગથી પુણ્ય બંધાયા, તે પુણ્યથી કંઈક લક્ષ્મી મળી, ને હવે તું સત્પાત્રના દાનમાં તે ખરચ, ને એકલા પાપહેતુમાં જ ખરચ તો તને એકલું પાપનું બંધન થાય છે; તારી એ લક્ષ્મી તને બંધનનું જ કારણ છે. સત્પાત્રદાન વગરનું જીવન નિષ્ફળ છે, કેમકે જેમાં ધર્મનો ને ધર્માત્માનો પ્રેમ નથી—એમાં આત્માને શો લાભ?

ભાઈ, આ દાનનો ઉપદેશ સંતો તારા હિતને માટે આપે છે–સંતો તો વીતરાગ છે, એને કાંઈ તારા ધનની સ્પૃહા નથી; એ તો પરિગ્રહરહિત દિગંબર સંત વન–જંગલમાં વસનારા ને ચૈતન્યના આનંદમાં ઝૂલનારા છે. આ જીવન, યૌવન ને ધન એ બધું સ્વપ્નસમાન ક્ષણભંગુર છે,–છતાં પણ જે જીવો સત્પાત્રદાન વગેરેમાં તેનો ઉપયોગ નથી કરતા ને લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલા છે તેમના ઉપર કરુણા કરીને તેમના ઉદ્ધાર માટે સંતોએ આ ઉપદેશ આપ્યો છે. અંતરમાં સમ્યગ્દૃષ્ટિપૂર્વક બીજા ધર્માત્માઓ પ્રત્યે દાન-બહુમાનનો ભાવ આવે તેમાં પોતાની ધર્મભાવના ઘૂંટાય છે, તેથી એમ કહ્યું કે દાન તે શ્રાવકને ભવસમુદ્રથી તરવા માટે જહાજસમાન છે. જેને પોતાને ધર્મનો પ્રેમ છે તેને બીજા ધર્માત્મા પ્રત્યે પ્રમોદ–પ્રેમ ને બહુમાન આવે છે. ધર્મ, ધર્મી જીવનના આધારે છે, તેથી જેને ધર્મી જીવો પ્રત્યે પ્રેમ નથી તેને ધર્મનો જ પ્રેમ નથી. જે મનુષ્ય સાધર્મી–સજ્જનો પ્રત્યે શક્તિઅનુસાર વાત્સલ્ય નથી કરતો તેનો આત્મા પ્રબળ પાપથી ઢંકાયેલો છે અને તે ધર્મથી વિમુખ છે અર્થાત્ તે ધર્મનો અભિલાષી નથી. ભવ્યજીવોએ સાધર્મી સજ્જનો સાથે અવશ્ય પ્રીતિ કરવી જોઈએ–એમ ઉપાસકસંસ્કારની ૩૬ મી ગાથામાં પદ્મનંદીસ્વામીએ કહ્યું છે. ભાઈ, લક્ષ્મી તો ક્ષણભંગુર છે; તું દાન દ્વારા લક્ષ્મી વગેરેનો પ્રેમ ઘટાડીને ધર્મનો પ્રેમ વધાર. પોતાને ધર્મનો ઉલ્લાસ આવે એટલે ધર્મપ્રસંગમાં તન-મન-ધન ખર્ચવાનો ભાવ ઉછળ્યા વગર રહે નહિ; ધર્માત્માને દેખતાં તેને પ્રેમ ઉલ્લસે. તે જગતને દેખાડવા ખાતર દાનાદિ નથી કરતો, પરંતુ પોતાને અંતરમાં ધર્મનો એવો પ્રેમ સહેજે ઉલ્લસે છે. (ક્રમશઃ)

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.** **–શ્રી નિયમસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં–દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે.

શ્રોતા :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે, તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે. આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે, પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘે-ઓઘે-આનંદના વેદન વિના–આત્માને જાણ્યો છે.)

શ્રોતા :—વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવાયોગ્ય પુરુષાર્થ કરતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્મસાક્ષાત્કાર શું છે તેની વાતો તો સાંભળેલી છે, પરંતુ કાંઈ પણ ઝાંખી (અનુભૂતિ) ન હોય તો કઈ રીતે મન એમાં પ્રવૃત્ત થાય ? બહારમાં તો અશાંતિ લાગે છે.

પૂજ્ય બહેનશ્રી :—એટલું તો પોતાને લાગે છે ને ? કે બહારમાં કાંઈ સારભૂત નથી, સુખ દેખાતું નથી. આ બધું ગમે તેટલું કરીએ તો પણ સંતોષ આવતો નથી, તૃપ્તિ થતી નથી. અહીંથી સુખ મળશે, અહીંથી સુખ મળશે એમ જીવ ફાંફાં માર્યા કરે છે પણ સંતોષ નથી આવતો તે એમ બતાવે છે કે સુખસ્વરૂપ વસ્તુ કોઈ જુદી અંતરમાં છે. બહારમાં સંતોષ નથી આવતો અને જે સુખનું ધામ છે તે પ્રગટ થાય પછી બીજી ઈચ્છા જ નથી થતી. એવી કોઈ વસ્તુ અંતરમાં રહેલી છે. એ પ્રગટ થાય ક્યારે ? કે જીવ પોતે પુરુષાર્થ કરે ત્યારે. પહેલાંથી કોઈને ઝાંખી થતી નથી, પણ જે મહાપુરુષોએ પ્રગટ કર્યું છે તે તેને બતાવે છે કે તું આ કર, અમે તેનો અનુભવ કરીને તને કહીએ છીએ. અને પછી તેનો વિશ્વાસ કરે તો તેની સ્વાનુભૂતિ થાય છે. સાક્ષાત્કાર થાય છે. આત્મા સુખનું ધામ છે. તેનો વિશ્વાસ કર, જેમ મા-બાપ છોકરાને બતાવે તો છોકરો મા-બાપનો વિશ્વાસ કરે છે; તેમ જ્ઞાની બતાવે છે તો પોતાની બુદ્ધિથી થોડો વિચાર કરે પછી જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાનીઓના વચન ઉપર વિશ્વાસ કરતો જાય. જેમ કોઈની દુકાને નાણાં મૂકવાં હોય તો માણસ આખી દુકાન ન જોવે પણ એના અમુક લક્ષણ ઉપરથી ઓળખે કે આની દુકાન સારી ચાલે છે. એમ લક્ષણથી ઓળખી લેવું જોઈએ.

મહાપુરુષો કાંઈ સ્વાનુભૂતિ બતાવી શકે નહિ, પણ તેના લક્ષણ બતાવે. લક્ષણથી પોતે વિચાર કરવો, કારણ કે પોતાને સુખ જોઈએ છે. માટે એટલી તૈયારી તો જોઈએ. બહારમાં ક્યાંય સુખ નથી, સંતોષ નથી, મારે કાંઈ બીજું જ જોઈએ છે, એટલી જિજ્ઞાસા તો હોવી જ જોઈએ. પછી જ્ઞાની જે બતાવે તેનો વિશ્વાસ કરીને તે માર્ગે પુરુષાર્થ કરવો જોઈએ. તો પ્રગટ થાય. ઝાંખી નથી તો બુદ્ધિથી પોતે વિચાર કરે, પરીક્ષા કરે કે આ વસ્તુ સાચી છે, પછી વિશ્વાસથી પોતે આગળ વધે.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

## સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૧૦ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય નવમો**

પરીક્ષાર્થીનું નામ : ..................................................... ઉંમર : ..........

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ................

ફોન નં.: ...................................................... તા. ૨૫-૨-૨૦૧૫

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ નીચે આપેલ પ્રશ્નોમાંથી ગમે તે પાંચના ઉત્તર આપો.**

(૧) જીવને બંધનું કારણ શું છે ? મોક્ષનું કારણ શું છે ? શાનો ઉપાય કર્તવ્ય છે ?
(૨) દરેક જીવોનું પ્રયોજન શું છે ? જીવો નિરંતર ક્યા ઉપાય કરે છે ?
(૩) શું પરદ્રવ્ય-એટલે કે સંયોગો જીવને સુખ-દુઃખનું કારણ છે ? જીવને દુઃખનું કારણ શું છે ?
(૪) ''કેવળી ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસારને ઇચ્છતા નથી'' તે ક્યા બળે ?
(૫) સમ્યક્ત્વના ભેદ કેટલા અને ક્યા ક્યા છે ?
(૬) સમ્યક્ત્વના આઠ અંગ જણાવો ?
(૭) સમ્યક્ત્વને ઘાતનારા ૨૫ દોષ જણાવો.

**પ્રશ્ન-૨ : નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચના વિસ્તૃત (પાંચ-છ લાઈન) ઉત્તર આપો.**

(૧) પુણ્યના ઉદયથી જીવ સુખી થતો હોય તેમ લાગે છે તો મોક્ષ જ સુખકારી છે તેમ શા માટે કહો છો ?
(૨) મોક્ષનો ઉપાય કાળલબ્ધિ પાકશે ત્યારે જ થશે તો પછી પુરુષાર્થની જરૂર શું છે?
(૩) દ્રવ્યકર્મના ઉદયથી ભાવકર્મ થાય અને ભાવકર્મથી દ્રવ્યકર્મનો બંધ થાય તો પછી જીવનો મોક્ષ કઈ રીતે થાય ?
(૪) સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ અનુભવ વખતે તત્ત્વશ્રદ્ધાન હોય છે ? કઈ રીતે ?
(૫) જો અનંતાનુબંધી કષાય ચારિત્રને ઘાતે છે, તો તેના અભાવમાં ચારિત્ર પ્રગટ થવું જોઈએ તો ચોથા ગુણસ્થાનવાળાને અસંયમી કેમ કહ્યો ?
(૬) જો અનંતાનુબંધી સમ્યક્ત્વને ઘાતતો નથી તો તેનો ઉદય થતાં જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ કેમ થાય છે ?
(૭) મિથ્યાદૃષ્ટિ પણ શાસ્ત્રાભ્યાસ દ્વારા ધારણામાં તત્ત્વશ્રદ્ધાન કરે છે તો તે સમ્યગ્દષ્ટિ કેમ નથી ?
(૮) અસંયત સમ્યગ્દષ્ટિને ચારિત્ર નથી તો તેને મોક્ષમાર્ગી કેમ કહ્યો ?

**પ્રશ્ન-૩ નીચે આપેલ પ્રશ્નના ટૂંકમાં ઉત્તર આપો.**

(૧) ઉપશમ સમ્યક્ત્વ કોને કહે છે ? (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કોને કહે છે ?
(૩) સમ્યક્ત્વના ત્રણ ભેદ હોવા છતાં સમ્યક્ત્વ માર્ગણાના છ ભેદ કેમ કહ્યા ?

**પ્રશ્ન-૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો.**

(૧) શાસ્ત્રમાં સમ્યક્દર્શનના જુદા-જુદા લક્ષણો કહ્યા છે તો તેનો સુમેળ કઈ રીતે છે તે સમજાવો.
(૨) તત્ત્વાર્થ સાત જ કેમ ? (૩) સમ્યક્ત્વનું તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ નિર્દોષ છે તે કઈ રીતે ?

## શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના ૭૫મા વર્ષનો હીરક જયંતી મહોત્સવ સાનંદ સંપન્ન

સુવર્ણપુરીસ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનાલયનો ૭૫મા વર્ષનો હીરકજયંતી મહોત્સવ શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવારના સર્વે સભ્યો દ્વારા અત્યંત ભક્તિ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવ દરમિયાન શ્રી વિદેહક્ષેત્ર વિદ્યમાનવિંશતીતીર્થંકર પૂજન તથા રાત્રે બહેનોની વિશેષ ભક્તિના કાર્યક્રમથી તા. ૧૩-૨-૧૫ થી જ ઊજવવાનો મંગલ પ્રારંભ થઈ ગયો હતો. પરંતુ શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવારના વિશેષ ઉત્સાહના કારણે આ ઉત્સવ તા. ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી સુધી વિશેષ કાર્યક્રમોપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ ઉત્સવ સવારે ૬-૧૫ પૂજ્ય બહેનશ્રીની ઑડિયો ચર્ચાથી પ્રારંભ થતો હતો, ત્યારબાદ જિનેન્દ્ર અભિષેક, ૭-૪૫ થી ૮-૪૫ જિનમંદિરમાં વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર સીડી પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, જિનેન્દ્ર ભક્તિ, તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન બાદ વિશેષ ભક્તિ આ પ્રમાણે દૈનિક કાર્યક્રમ ચાલતો હતો. તા. ૧૯-૨-૧૫ને ગુરુવારના રોજ બપોરે જડાવબેન નાનાલાલભાઈ જસાણીના નિવાસસ્થાને વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની પાવન પધરામણી તેમજ ભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે દિવસે સાંજે પ્રતિષ્ઠાના વિવિધ ચિત્રો દ્વારા પ્રતિષ્ઠાના મધુર સંસ્મરણો તાજા કરવામાં આવ્યા હતા. તા. ૨૦-૨-૧૫ને ફાગણ સુદ-૨ના મુખ્ય દિવસે સીમંધર ભગવાનની રથયાત્રા, વિધાન પૂજા સમાપન તથા મંદિર ઉપર વિશેષ ધ્વજારોહણનો કાર્યક્રમ તથા સાંજે આરતી રાખવામાં આવી હતી.

ઉત્સવના દરેક કાર્યક્રમમાં માણસોની હાજરી અને અદમ્ય ઉત્સાહ જણાઈ આવતો હતો. આ પ્રસંગે બહારગામથી પણ લગભગ ૪૦૦ માણસો આવ્યા હતા. હીરક જયંતીના ત્રણેય દિવસનું સ્વામીવાત્સલ્ય શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર તરફથી રાખવામાં આવ્યું હતું.

## પૂજ્ય બહેનશ્રીની ૮૩મી સમ્યક્ત્વજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૩મા સમ્યક્ત્વજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧૯-૨-૨૦૧૫, ગુરુવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે જિનેન્દ્ર પૂજન પછી બ્ર. કોકિલાબેનના નિવાસસ્થાનેથી મંગલપત્રિકા વાજતે ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ પત્રિકાનું વાંચન મહોત્સવના સૌજન્યકર્તા શ્રી સતીશભાઈ શાંતિલાલ દોશીએ કર્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ.

## શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૧ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૧મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર, હ. બ્ર. જશીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ-૧૩ ગુરુવાર તા. ૨-૪-૨૦૧૫ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |


### આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

### ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૫

**શ્રી છગનલાલ કાળીદાસ વાધર પરિવાર—જામનગર**
**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૬મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી છગનલાલ કાળીદાસ વાધર પરિવાર—જામનગર દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૬મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૬-૪-૨૦૧૫, ગુરુવારથી તા. ૨૦-૪-૨૦૧૫, સોમવાર—પાંચ દિવસીય 'શ્રી ષોડષકારણ વિધાન પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૪-૦૩-૨૦૧૫, શનિવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
શ્રી છગનલાલ કાળીદાસ વાધર પરિવાર
જામનગરના જય-જિનેન્દ્ર

## (૨૨)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં આપેલ જવાબમાંથી
સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૪૨૧) બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી ................. તીર્થંકર ભગવાનનાં કાર્યકાળમાં થયા. (પાર્શ્વનાથ, નેમિનાથ, મહાવીર)

(૪૨૨) લૌકાંતિક દેવોની ................. લેશ્યા હોય છે. (શુક્લ, પીત, પદમ)

(૪૨૩) દેવકુરુ અને ઉત્તરકુરુ એ ............. ભોગભૂમિ છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૪૨૪) સનતકુમાર કામદેવ ................. તીર્થંકર ભગવાનના કાર્યકાળમાં થયા. (ચંદ્રપ્રભુ, ધર્મનાથ, મલ્લિનાથ)

(૪૨૫) સુધર્માસ્વામી કેવળી ભગવાન .................. થી નિર્વાણ પામ્યા છે. (પોદનપુર, તુંગીગિરિ, રાજગૃહી)

(૪૨૬) જંબૂદ્વીપમાં ................ અકૃત્રિમ જિન ચૈત્યાલય છે. (૫૨, ૧૦૮, ૭૮)

(૪૨૭) દ્રવ્યની હયાતી તેના ................... ગુણના કારણે છે. (અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ)

(૪૨૮) ૧૦૦ ઈન્દ્રોમાં ભવનવાસી દેવોના ....... ઈન્દ્રો હોય છે. (૩૨, ૪૦, ૨૪)

(૪૨૯) યથાખ્યાત ચારિત્ર ................ ગુણસ્થાન સુધી હોય છે. (૧૦ થી ૧૩, ૧૧ થી ૧૩, ૧૧ થી ૧૪)

(૪૩૦) આવતી ચોવીસીના ત્રીજા તીર્થંકર .................... નાથ થશે. (કુલસુત, વિપુલ, સુપાર્શ્વ)

(૪૩૧) ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ .................... છે. (૨ હજાર સાગર, ૨૦ સાગર, ૨ ક્રોડાક્રોડી સાગર)

(૪૩૨) નિદાનજન્ય આર્તધ્યાન ........... ગુણસ્થાન સુધી હોય છે. (૫, ૬, ૪)

(૪૩૩) સમ્યક્દર્શન ઓછામાં ઓછા કેટલામાં ..........વરસે થાય છે. (૮, ૧૧, ૧૦)

(૪૩૪) ઋષભદેવ ભગવાનના સમવસરણમાં ....... ગણધર હતા. (૧૧,૮૪,૧૧૦)

(૪૩૫) ભવનત્રિક દેવોની લેશ્યા ............. હોય છે. (પીત, નીલ, પદ્મ)

(૪૩૬) વસ્ત્ર સહિત મુનિપણું માનવું તેને ................ મિથ્યાત્વ કહે છે.
(વિપરીત, વિનય, અજ્ઞાન)

(૪૩૭) ભોગભૂમિના તિર્યંચ બધા ................ હોય છે. (ગર્ભજ, અંડજ, રોમજ)

(૪૩૮) અઘાતિ કર્મોની પ્રકૃતિમાંથી કેટલી પુણ્ય પ્રકૃતિ છે. (૬૮, ૧૦૧, ૪૧)

(૪૩૯) કુંભાર ઘડાનો કર્તા ................. અપેક્ષાએ કહેવાય છે.
(નિમિત્ત-નૈમિત્તિક, ઉપાદાન-નિમિત્ત, વ્યાપ-વ્યાપક)

(૪૪૦) શરીર અને આત્મા વચ્ચે .................. સંબંધ છે.
(તાદાત્મ્ય, સંયોગસિદ્ધ, અનિત્ય તાદાત્મ્ય)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી-૨૦૧૫ના

## ઉત્તર

(૪૦૧) પુદ્‌ગલ
(૪૦૨) ત્રીજા
(૪૦૩) વ્યાપ્ય વ્યાપક
(૪૦૪) નેમિનાથ
(૪૦૫) કાળ
(૪૦૬) અગૃહિત મિથ્યાત્વ
(૪૦૭) અનેકાંત
(૪૦૮) ૩૨
(૪૦૯) સિદ્ધવર
(૪૧૦) લેશ્યા
(૪૧૧) નિમિત્ત
(૪૧૨) વ્યુત્સર્ગ
(૪૧૩) યોગ
(૪૧૪) કાળ
(૪૧૫) સંજ્વલન
(૪૧૬) પીપરફળ
(૪૧૭) ટમાટર
(૪૧૮) અસંખ્યાત
(૪૧૯) અવધિ
(૪૨૦) જાતિસ્મરણ

ફેબ્રુઆરી-૨૦૧૫ અંકના ફાગણ માસના મંગલ દિવસો (પેજ નં. ૨૬)નો જવાબ
**શ્રી સુમતિનાથ ભગવાન – ચૈત્ર સુદી ૧૧**

શુદ્ધિપત્રક

| અંક | પાના નં. | ઉત્તર નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ડિસેમ્બર-૨૦૧૪ | ૩૨ | ૩૫૪ | ✓ | × |

# (૨૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચેના પ્રશ્નોના જવાબ ફેબ્રુઆરી-૨૦૧૫ના અંકમાં 'પધારો સીમંધર ભગવાન' લેખમાંથી મળશે.

(૪૨૧) શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરની પ્રતિષ્ઠા ........... સુદ ........ના દિવસે થઈ હતી.

(૪૨૨) સીમંધર ભગવાનને લેવા માટે .................... તથા .................. આદિ મુમુક્ષુઓ સાથે ગયા હતા.

(૪૨૩) સીમંધર ભગવાનની જમણી બાજુ ............. ભગવાન અને ડાબી બાજુ ........... ભગવાન બિરાજમાન છે.

(૪૨૪) સીમંધર ભગવાનના મંદિરના ઉપરના ભાગમાં ................ ભગવાન બિરાજમાન છે.

(૪૨૫) સીમંધર ભગવાન જ્યારે સોનગઢમાં પધાર્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્નમાં ............ દેખાઈ હતી

(૪૨૬) સીમંધર જિનાલયનું નિર્માણ .................................. ..... પરિવારના સભ્યોએ કર્યું હતું.

(૪૨૭) સીમંધર ભગવાનના મંદિરને આજે ............. વર્ષ થઈ ગયા છે.

(૪૨૮) સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. ..............ના ............. વારે થઈ હતી.

(૪૨૯) સીમંધર ભગવાનની પ્રતિમા જયપુરથી .................... માં લાવવામાં આવી હતી.

(૪૩૦) સીમંધર ભગવાનની પેટી પ્રથમ ......................માં ખોલવામાં આવી હતી.

(૪૩૧) સીમંધર ભગવાન આદિની અંકન્યાસ વિધિ .................ના હાથે થઈ હતી.

(૪૩૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રતિમાને જોઈને સાક્ષાત્ ................ નમસ્કાર કર્યા હતા.

(૪૩૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ ................. પ્રતિષ્ઠા પાઠ વાચીને પ્રતિમાના વિષયમાં જાણકારી પ્રાપ્ત કરી હતી.

(૪૩૪) સીમંધર ભગવાનની પ્રતિમા ................ નગરથી લાવવામાં આવી હતી.

(૪૩૫) સીમંધરાદિ ભગવાનની પ્રતિમા ............ ............. ............... મુખમુદ્રાવાળી છે.

(૪૩૬) .................. ના દિવસે આ પ્રતિમાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

(૪૩૭) બધી પ્રતિમાઓ ........................ ની એક રૂમમાં રાખવામાં આવી હતી.

(૪૩૮) સીમંધર જિનાલયમાં આજ સુધી રોજ ............ મિનિટ ભગવાનની ભક્તિ કરવામાં આવે છે.

(૪૩૯) પૂજ્ય ગુરુદેવશ્રી પૂર્વભવમાં પણ ................ ભગવાનની વાણી સાંભળવા જતા હતા.

(૪૪૦) સીમંધરાદિ ભગવંતોની પ્રતિષ્ઠા ...................... ના કરકમળો દ્વારા કરવામાં આવી હતી.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી–૨૦૧૫ના ઉત્તર

(૪૦૧) જૈન
(૪૦૨) સ્કંધ
(૪૦૩) અસ્તિત્વ
(૪૦૪) એકપ્રદેશી
(૪૦૫) પર્યાય
(૪૦૬) પ્રમેયત્વ
(૪૦૭) અનંત
(૪૦૮) પ્રદેશત્વ
(૪૦૯) આકાશ
(૪૧૦) સામાન્ય
(૪૧૧) અસંખ્યાત
(૪૧૨) નિશ્ચય-વ્યવહાર
(૪૧૩) ધર્મદ્રવ્ય
(૪૧૪) આકાશ
(૪૧૫) સંસારી – મુક્ત
(૪૧૬) તુંગીગિરિ
(૪૧૭) ઔદારિક
(૪૧૮) આકાશદ્રવ્ય
(૪૧૯) મનોવતી
(૪૨૦) ચંપાપુર

## શુદ્ધિપત્રક

| અંક | પાના નં. | ઉત્તર નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| જાન્યુઆરી-૨૦૧૫ | ૩૪ | ૩૬૬ | કલ્પવૃક્ષ | શ્રવણ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ ૧૨ અંગના જ્ઞાનને પણ સ્થૂલ જ્ઞાન કહ્યું છે કે જે બાર અંગનું જ્ઞાન લખ્યું લખાય નહિ, ભણ્યું ભણાય નહિ, સાંભળીને કહી શકાય નહિ, છતાં એ જ્ઞાનને સ્થૂલ કહ્યું છે. જે જ્ઞાન રાગને ભિન્ન પાડીને પર્યાયને ભગવાન બનાવે છે તે જ્ઞાનને ભગવતીપ્રજ્ઞા કહે છે. સમ્યગ્જ્ઞાન કહે છે. એ ભગવતીપ્રજ્ઞા વડે ભવના નીવેડા આવે છે. ૧૦૪.

✻ અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ. ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડા સમાન છે અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી. તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૦૫.

✻ વીર્યનું ફોરવવું જેટલું દોષ તરફ જાય તે બાલવીર્ય છે, અને વીર્યનું જેટલું વલણ ગુણ તરફ જાય તે પંડિતવીર્ય છે. ૧૦૬.

✻ ભદ્રિકપણું એટલે પોતાનો નાનો દોષ કોઈ દેખાડે અથવા તો પોતે દેખે ત્યાં તુરત જ પોતે કબૂલ જ કરે છે, બીજાનો નાનો ગુણ દેખે ત્યાં બહુમાન કરે. પોતાની મોટપ વધારવા ને બીજાની હીણપ કરવામાં જે પ્રકારના વિચાર, વાણી અને વર્તન થાય તે ભદ્રિકતા ન ગણાય, પણ વક્રતા કહેવાય. પોતાની જે હદ હોય તે હદ ઉપરાંત વધારે પોતાની મોટપ બતાવવા તે વર્તન થાય તે વક્રતા છે. ૧૦૭.

✻ પોતામાં જે ગુણ ન હોય અને બીજા કોઈ તે ગુણ કહે, તમે આવા ગુણી છો, ત્યારે જ્ઞાનીને એમ થાય છે કે, મારામાં આ ગુણ નથી અને મને આ ગુણ છે એમ કહે છે તે મને આળ આપે છે. અજ્ઞાનીને પોતામાં ગુણ ન હોવા છતાં તેની ભાવના એમ રહ્યા કરે છે કે, મને કોઈ ગુણી માને તો ઠીક, આ તેનું અજ્ઞાન છે. ૧૦૮.

✻ એક અવગુણ ટળે ત્યાં તેની સામે ગુણ પ્રગટ થવો જ જોઈએ. ગુણ પ્રગટ થાય તો જ અવગુણ ટળ્યો કહેવાય. ૧૦૯.

✻

આત્મધર્મ
માર્ચ-૨૦૧૫
અંક-૭ ✻ વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-03-2015
Posted on 1-03-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org